This Question Paper consists of 13 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 13 પ્રશ્નો અને 8 મુદ્રિત પાનાં છે.

**Roll No.** | | | | | | | | | | | | **Code No. 65/SS/A/G**
અનુક્રમાંક કોડ સં.

**SET / સેટ A**

# GUJARATI
# ગુજરાતી
# (307)

**Day and Date of Examination** ____________________
**(પરીક્ષાનો દિવસ અને તારીખ)**

**Signature of Invigilators** 1. ____________________
**(નિરીક્ષકોના હસ્તાક્ષર)**

2. ____________________

**સામાન્ય સૂચના :**

1 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2 પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલા કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

4 બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દાખલા તરીકે (A), (B), (C) અથવા (D)માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

5 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **65/SS/A/G-A** લખવી.

# GUJARATI
# ગુજરાતી
# (307)

**Time : 3 Hours ]** **[ Maximum Marks : 100**

**સમય : 3 કલાક ]** **[ અધિકતમ ગુણ : 100**

**નોંધ :** (i) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.
(ii) ચારેય વિભાગમાંથી સૂચના પ્રમાણે ઉત્તર આપો.
(iii) પ્રશ્નની સામે દર્શાવેલ અંક ગુણભાર સૂચવે છે.

**વિભાગ - 1**

1 નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો અને શીર્ષક આપો : (કોઈ પણ **એક**) **6**

પોતાને છોડી હું ચાલ્યો આવ્યો
ત્યારે મને કેમ ના વાર્યો ?
ટેકરીઓ વચ્ચે મારું નાનું સરખું ગામ
સાથમાં મૂંગું મૂંગું ભાગોળે આવીને અટક્યું,
મહાદેવના દેરા પાસે પગ થંભ્યા, હું નમ્યો;
એક પળ એમ થયું કે જાઉં દોડતો પાછો.
મેં ઘરનો ના સાદ સાંભળ્યો, ત્યારે કોઈ કેમ ના બોલ્યું ?
પોતાને છોડી હું ચાલ્યો, ત્યારે મને કેમ ના વાર્યો ?

**અથવા**

ચાલતાં સાથે નીકળતાં યાદ છે,
શહેરના એકેક રસ્તા યાદ છે.
જેમનો સહેજે પરિચય પણ નથી,
કંઈક એવા પણ ચહેરા યાદ છે.
ચાંદનીને રાતભર પીધા પછી
સૂર્યમાં ફરવા નીકળતાં યાદ છે.
યાદો બધી, વાતો બધી ગઈકાલની
કે હકીકતમાં તો સપનાં યાદ છે.

2 નીચેનામાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના ઉત્તર લખો : **4**

(ક) 'શામળો ઘરેણું' પદમાં કયાં કયાં ઘરેણાંની વાત છે ?

(ખ) વડસાસુએ ઘણાં વસ્ત્રો મગાવ્યાં હશે તેવું શા ઉપરથી કહેશો ?

(ગ) ગાંધીજીએ જગતને ફરીથી 'કલ્યાણનો મંગલપંથ' કઈ રીતે બતાડ્યો ?

(ઘ) 'ઘરભણી' કાવ્યમાં 'કણકણની આ માટી કેરી કથા' કોની કોની છે ?

3 નીચેનામાંથી કોઈ પણ **બે** પ્રશ્નના ઉત્તર એક-બે વાક્યમાં લખો : **2**

(ક) 'શીદ સોનીને ઘેર જઈએ રે ?' એવું મીરાંબાઈ શા માટે કહે છે ?

(ખ) દામોદર નામનો શો અર્થ થાય ?

(ગ) ગાંધીજીએ જ દૂરથી આવતો મંગલશબ્દ શા કારણે સાંભળ્યો ?

(ઘ) 'ઘરભણી' જતી ડમણી કેવા રસ્તે ચાલે છે ?

4 નીચેનામાંથી કોઈ પણ **બે** પ્રશ્નના ઉત્તર આપો : **8**

(ક) 'છકડો દોડતો રહે છે, તો નસીબ દોડતું રહે છે.' કે 'નસીબ દોડતું રહે છે, તો છકડો દોડતો રહે છે ?' કારણો સમજાવો.

(ખ) 'ગતિ જે તને જીવાડતી, ગતિ તે તને સંહારતી' એ ઉપદેશ 'છકડો' વાર્તાને આધારે સમજાવો.

(ગ) રાજીમા પત્ર લખાવવા ગયાં તે દુકાનદારની વિશેષતા કઈ હતી ?

(ઘ) 'દીકરીયું' નાટકમાં જગતના સૌ જીવો વચ્ચેની એકાત્મતાની ભાવના કઈ રીતે રજૂ થઈ છે ?

5 નીચેનામાંથી કોઈ પણ **ત્રણ** પ્રશ્નના ઉત્તર એક-બે વાક્યમાં લખો : **6**

(ક) 'છકડો' વાર્તામાં 'વાહનો દોડતાં હોય'ને બદલે 'સડક દોડતી હોય' લખ્યું છે તે શા કારણે છે ?

(ખ) ગિલો ઘરે રંગીન ટીવી શા કારણે ખરીદી લાવ્યો ?

(ગ) રાજીમાના મોટા દીકરાને મા માટે પ્રેમ છે કે નથી ? કારણ આપો.

(ઘ) વ્હેલ અને શાર્કને મારી નખાય તો પરિણામ શું આવે ?

(ચ) કાદરની બોટ પાકિસ્તાનીઓએ પકડી તેથી રાણીને શા કારણે દુઃખ થયું ?

6 નીચેના બહુવિકલ્પીય પ્રશ્નોના (A), (B), (C), (D)માંથી ઉત્તર તરીકે જે વિકલ્પ પસંદ કરો તે અલગ આપેલી ઉત્તરવહીમાં લખો. **8**

(ક) 'કૂંચી' માટે ગુજરાતી ભાષામાં બીજો કયો શબ્દ છે ?

(A) તાળું (B) ઊંચી

(C) ચાવી (D) કમાડ

(ખ) મહેતા નરસિંહ માટે કોણ બજાજ થયું ?

(A) બ્રહ્માજી (B) વિષ્ણુ

(C) શિવજી (D) શ્રીકૃષ્ણ

(ગ) 'અંધકાર'નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે ?

(A) શાંતિ (B) તમસ

(C) પ્રેમ (D) પ્રકાશ

(ઘ) 'સૂને ઘર સંચરું' એટલે

(A) સૂના ઘરમાં સંગ્રહ કરું (B) સૂના ઘરમાં સંઘર્ષ કરું

(C) સૂના ઘરમાં વિશેષ રીતે જઉં (D) સૂના ઘરમાં અવાજ કરું

(ચ) ચોવીસ કલાકમાં કેટલાં ચોઘડિયાં આવે ?

(A) છ (B) આઠ

(C) બાર (D) સોળ

(છ) રાજીમાને કયા દીકરાએ પત્ર લખ્યો ?

(A) સૌથી મોટા (B) બીજા નંબરના

(C) ત્રીજા નંબરના (D) સૌથી નાના

(જ) રાજીમા સૌરાષ્ટ્રનાં નિવાસી છે તે શા પરથી પરખાય છે ?

(A) તેમના પોષાક ઉપરથી (B) તેમની છીંકણી સૂંઘવાની ટેવ ઉપરથી

(C) તેમનાં ઢોરાં ઉપરથી (D) તેમની બોલી ઉપરથી

(ઝ) 'પસી ઈ ઓળે' - વાક્યનો શું અર્થ થાય ?

(A) પછી તે (માથું) ઓળે (B) પસીનો થાય એટલું ઓળે

(C) પછી એ છોડે (D) પસી તેને છોડે

## વિભાગ - 2

7 નીચેનામાંથી કોઈ **એક** ફકરાનું તૃતીયાંશ શબ્દોમાં સંક્ષેપીકરણ કરો : 10

સવારે ઊઠ્યા અને રાતે સૂતા તે વચ્ચે દિવસભરમાં એક વાર પણ જેણે આખા દેશનો વિચાર કર્યો હોય તેવા ભારતીયો કેટલા હશે ? આપણે સૌએ સચેત થઈને સૌથી મોટો વિચારવા જેવો પ્રશ્ન એ છે કે કેમ આપણે આપણી જાતને ગરીબીમાંથી ઊંચે ઊઠાવી શકતા નથી ? કેમ વધુ ને વધુ લોકો ગરીબીની રેખાની નીચે હડસેલાતા જાય છે ? દરેક જણ એવું કેમ માને છે કે ગરીબી દૂર કરવાનું કામ તો સરકારનું છે ? ગાંધીજીએ આપણને સ્વાવલંબન અને સ્વાશ્રયનો મંત્ર આપ્યો છે. ઈશ્વરે આપણને સૌને બુદ્ધિ અને બે હાથ આપ્યા છે. આપણી ગરીબીનું કારણ આપણે જ શોધવું પડશે અને તેને દૂર કરવા ખંતથી મંડી પડવું પડશે. 'પારકી આશ સદા નિરાશ' એ કહેવત ભુલાય નહીં.

**અથવા**

સમાજમાં જાગૃતિનો વિચાર કરતાં દરેક વખતે એક જ પ્રશ્ન થાય છે કે આ સમાજમાં જાગૃતિની શરૂઆત ક્યાંથી કરવી ? પરાપૂર્વથી આપણા લોકો કોઈની પણ વાતને તર્કની સરાણે ચડાવ્યા વિના અજ્ઞાનવશ સાચી માની લે છે. આ પૃથ્વીના પ્રલયની અફવાઓ દર સો-બસો વરસે ફરી ફરીને આવે છે. નર્મદના સમયમાં એવી અફવા ફેલાઈ તો લોકોએ દિવસો સુધી જાગરણ કરેલું. ઈ.સ. 1960માં એવી અફવા આવી તો લોકો મૃત્યુની રાહ જોઈ દિવસો સુધી કામધંધા મૂકીને બેસી રહ્યા. હજુ કોઈની પાનીમાંથી કે હથેળીમાંથી કંકુ ખરવાના કિસ્સા બને છે. હજુ મંત્રેલા પાણીથી કેન્સર મટવાના કિસ્સા ચર્ચાય છે. હજુ દોરા-ધાગા મંતરવાના, રાહુ-કેતુ નડવાના, ભૂત-ડાકણના ઉપદ્રવના કિસ્સાઓ છાપામાં ચમકતા રહે છે. લાગે છે કે અફવાઓને પૂરી શ્રદ્ધાથી માની લેવાનું આપણા લોહીમાં જ છે.

## વિભાગ - 3

8 નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ **ચાર** પ્રશ્નોના ઉત્તર લખો : 16

(ક) 'દીવો ના બૂઝે'માં 'ધાર્મિકતા' વિશે રજૂ કરેલાં લેખકનાં અવલોકનો ટૂંકમાં વર્ણવો.

(ખ) પ્રમોદબાના લગ્નથી કોને લાભ થયો ? સમજાવો.

(ગ) કુમારિલ સાથેનું તેની સૌથી મોટીબહેનનું વર્તન યોગ્ય ગણાય ? ચર્ચો.

(ઘ) ઈશ્વર કયા સ્વરૂપે રહેલો છે તે 'દીવો ના બૂઝે'ને આધારે લખો.

(ચ) સંયુક્ત કુટુંબના સભ્યોના અરસપરસના વ્યવહાર વિશે લખો.

(છ) 'ત્રેવડ ત્રીજો ભાઈ છે' એ બાની વાત કેટલી સાચી છે ? ચર્ચો.

**9** નીચેનામાંથી કોઈ પણ **ત્રણ** પ્રશ્નના ઉત્તર એક-બે વાક્યમાં લખો : **6**

(ક) પ્રમોદબા અને તેમની વહુઓ વચ્ચેના મનદુ:ખનાં કારણો લખો.

(ખ) માનવજીવનમાં સદ્‌ગુણોના સ્થાન વિશે લખો.

(ગ) લેખકને મન હરીફાઈ શા માટે બાલીશ નશો છે ?

(ઘ) લેખકને 'બકોર પટેલ'થી લઈ 'સરસ્વતીચંદ્ર' સુધીનાં પુસ્તકો નાનપણમાં જ શા કારણે વાંચવા મળ્યાં ?

(ચ) લેખકની બહેનને બાએ 'તારે બીજા બાળકની શી જરૂર હતી ?' એમ શા કારણે કહ્યું ?

**10** નીચેના બહુવિકલ્પીય પ્રશ્નોના (A), (B), (C), (D)માંથી ઉત્તર તરીકે જે વિકલ્પ પસંદ કરો તે અલગ આપેલી ઉત્તરપુસ્તિકામાં લખો. **8**

(ક) પ્રેમાનંદ આગલા જન્મમાં મા વિનાની દીકરી તરીકે જીવ્યો હશે તેવી બાની માન્યતા પાછળનું કારણ -

(A) બા જ્યોતિષ જાણતાં હશે.

(B) બાને ત્રિકાળનું જ્ઞાન હતું.

(C) તેણે 'ઘડો ફૂટે જેવી ઠીકરી, મા વિના તેવી દીકરી' લખ્યું છે.

(D) પ્રેમાનંદમાં સ્ત્રીનાં લક્ષણો હતાં.

(ખ) પ્રમોદબાના કયા ગુણના બધાં સગાંવહાલાં વખાણ કરતાં ?

(A) કરકસરના (B) કાર્યદક્ષતા અને કામની આવડતના

(C) હિંમતના (D) પ્રભુભક્તિના

(ગ) રોજ સવારે બાપુજીના માથામાં તેલની માલિશ કોણ કરતું ?

(A) મોટી બહેન (B) લેખક પોતે

(C) નાની બહેન (D) નાનો ભાઈ

(ઘ) પ્રમોદબાનાં બધાં સંતાનો નિશાળે કઈ રીતે જતાં ?

(A) બસમાં (B) ઘોડાગાડીમાં

(C) કારમાં (D) ચાલતાં

(ચ) મોટાભાગના સામાજિક પ્રસંગો ક્લેશનું કારણ કેમ બને છે ?

(A) કોઈકનો કોઈક વ્યવહાર તો રહી જ જતો હોય છે

(B) કશું સમયસર ન થવાને કારણે

(C) ગજા ઉપરાંત પૈસા ખરચવાને કારણે

(D) ગોર મહારાજોને કારણે

(છ) રોજ ચાર-પાંચ કલાક ટીવી જોવાથી કયું નુકસાન થતું નથી ?

(A) આંખો અને સમય બગડે

(B) તન-મન નિષ્ક્રિય થઈ જાય

(C) ઘણું ન શીખવા જેવું શીખી જવાય

(D) લાંબે ગાળે લકવા થાય

(જ) નીચેની કાવ્યપંક્તિ પૂરી કરો :

'જ્યમ ગોળ વિના મોળો કંસાર ત્યમ...'

(A) ધન વિના મોળો સંસાર

(B) મન વિના મોળો સંસાર

(C) સમજ વિના મોળો સંસાર

(D) માત વિના મોળો સંસાર

(ઝ) 'ઉંબર મૂકી ડુંગર પૂજવો' – નો શો અર્થ થાય ?

(A) ઉંબરને દેવ ગણવો

(B) ડુંગરને દેવ ગણવો

(C) ઘરનાં છોકરાંને મૂકી પારકાંનું ભલું કરવું

(D) વહુનાં લક્ષણ ઉંબરમાં

## વિભાગ - 4

**11** નીચેનામાંથી કોઈ **એક** વિષય પર ચારસો શબ્દોમાં નિબંધ લખો : **8**

(A) સૌનો સાથ, સૌનો વિકાસ

(B) આરોગ્યની ચાવી

(C) આજનું શિક્ષણ

(D) ભારતની અવકાશી સિદ્ધિ

**12** ભારતમાં ક્રિકેટના અતિરેક વિશે એક અહેવાલ તૈયાર કરો. **8**

**અથવા**

'સ્ટેચ્યૂ ઑફ યુનિટી'ની તમે લીધેલી મુલાકાતનો અહેવાલ લખો.

**13** સૂચના પ્રમાણે ઉત્તર આપો : **10**

(ક) ત્રિભુવન અને જકાતનાકું (બંને સમાસ ઓળખાવો.) **2**

(ખ) સરહદી ગામ (પહેલા શબ્દમાં કયો અંગસાધક પ્રત્યય છે ?) **1**

(ગ) ભાંડો ફોડી દેવો. (રૂઢિપ્રયોગનો અર્થ કહો) **1**

(ઘ) વ્હેલ-શાર્કનો શિકાર ન થાય. (વિભક્તિ પ્રત્યય ઓળખાવો.) **1**

(ચ) આંબા પરથી મંજરી ખરી. (ક્રિયા છે કે પ્રક્રિયા ?) **1**

(છ) સિનેમા જોવાય નહીં. (કર્તરિ, કર્મણિ કે ભાવે પ્રયોગ છે તે કહો.) **2**

(જ) અબોલાનું પિક્ચર શરૂ થતું. (વિશેષણનો પ્રકાર કહો.) **1**

(ઝ) તે ઘણો વહેલો આવ્યો. (ક્રિયાવિશેષણ ઓળખાવો.) **1**

---